Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
નિષ્ણાંત ડૉક્ટરની ઓ.પી.ડી.
ફિઝીશ્યન : ડૉ. મધુકર પરીખ, ડૉ. ઉમેશ શાહ, ડૉ. શબ્બીર ઈન્દોરવાલા
ઓર્થોપેડિક : ડૉ. હરિકૃષ્ણ આહિર
જનરલ સર્જન : ડૉ. વાસુ ટેલર
ડેન્ટીસ્ટ : ડૉ. રૂચી અદનાની, ડૉ. દિપ શાહ
આંખ વિભાગ : ડૉ. ઉમા મેહતા, ડૉ. સમીર સુરતવાળા
નાના બાળકોના ડેન્ટીસ્ટ : ડૉ. શ્વેતલ અગ્રવાલ
નાના બાળકોના ડૉક્ટર : ડૉ. નૈમેષ દેસાઈ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ
૨૪ કલાક ઈમરજન્સી સેવા ઉપલબ્ધ

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ વદ સાતમ, શનિવાર ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૬૭

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦




## સંસદનું બજેટ સત્ર 28 જાન્યુઆરીથી

**1 ફેબ્રુઆરીએ** રવિવાર હોવાથી હજુ એ દિવસે બજેટ રજૂ થશે કે નહીં એનો ફોડ હજી પડાયો નથી

**નવી દિલ્હી.** સંસદનું બજેટ સત્ર 28 જાન્યુઆરીથી 2 એપ્રિલ સુધી યોજાશે, તેમ સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ શુક્રવારે જણાવ્યું હતું. બજેટ સત્રની શરૂઆત લોકસભાના હોલમાં લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત સત્રને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના સંબોધન સાથે થશે. 'બીટિંગ રીટ્રીટ' સમારોહને કારણે 29 જાન્યુઆરીએ બંને ગૃહોની બેઠક મળશે નહીં. સંસદ 30 જાન્યુઆરીએ મળશે જ્યારે આર્થિક સર્વેક્ષણ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. 31 જાન્યુઆરીએ લોકસભા અને રાજ્યસભાની બેઠક મળશે નહીં. રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ અને કેન્દ્રીય બજેટ પર ચર્ચા કર્યા પછી, સંસદ 13 ફેબ્રુઆરીએ લગભગ એક મહિનાના લાંબા

...અનુસંધાન પાના 11 પર

## લાલુ યાદવ માટે વધી મુશ્કેલી: 'જમીનના બદલામાં નોકરી' કૌભાંડમાં કોર્ટે આરોપો ઘડવાનો આપ્યો આદેશ

**નવી દિલ્હીઃ** દિલ્હીની એક અદાલતે શુક્રવારે કથિત જમીનના બદલામાં નોકરી કૌભાંડમાં આરજેડી વડા અને ભૂતપૂર્વ રેલવે મંત્રી લાલુ પ્રસાદ યાદવ, તેમના પરિવારના સભ્યો અને અન્ય લોકો સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે. વિશેષ જજ વિશાલ ગોગનાએ કહ્યું હતું કે યાદવે રેલવે મંત્રાલયનો ઉપયોગ ગુનાહિત કાર્ય કરવા માટે પોતાની અંગત જાગીર તરીકે કર્યો હતો, જ્યાં રેલવે અધિકારીઓ અને તેમના નજીકના સહયોગીઓની મિલીભગતથી યાદવ પરિવારે જમીનના પ્લોટ મેળવવા માટે સરકારી નોકરીનો ઉપયોગ એક સોદાબાજી તરીકે કર્યો હતો. આદેશનો મુખ્ય ભાગ મૌખિક રીતે સંભળાવતા જજે

...અનુસંધાન પાના 11 પર

### અમેરિકા-ભારત વેપાર સોદો ઘોંચમાં, અમેરિકી વાણિજ્ય મંત્રીનો ધડાકો

# મોદીએ ટ્રમ્પને ફોન નહીં કરતા વેપાર સોદો ન થયો

**હોવાર્ડ** લુટનિકે કહ્યું કે કરાર તૈયાર હતો, ફક્ત મોદીએ ફોન કરવાની જરૂર હતી, જે તેમણે કર્યો નહીં

**પોતાના** અહમને કારણે જ ટ્રમ્પ ભારત વિરુદ્ધ ટેરિફના બખાળા કાઢી રહ્યા હોવાનું પણ જણાઇ આવે છે

**નીતિગત** બાબતો નહીં પણ ટ્રમ્પનો ઘવાયેલો અહમ ભારતને નડી રહ્યો છે

**પરિણામે** ભારતે 50% જેટલા ઊંચા ટેરિફ સાથે તેની કિંમત ચૂકવવી પડી

**ન્યૂયોર્ક, તા. 9 :** હવે તે સ્પષ્ટ થઈ ગયું છે. ભારત વિરુદ્ધ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ અંગેની નિવેદનબાજી વેપાર અથવા નીતિ કરતાં વધુ તેમના ઘવાયેલા અહમને કારણે વધારે છે, કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દ્વિપક્ષીય વેપાર સોદા પર મહોર મારવા માટે તેમનો વ્યક્તિગત સંપર્ક કર્યો ન હતો અને તેમની ઈચ્છા મુજબ કામ કર્યું ન હતું. પરિણામે ભારતે 50% જેટલા ઊંચા ટેરિફ સાથે તેની કિંમત ચૂકવવી પડી, અને હજુ વધુ ડ્યુટી લાદવામાં આવે તેવી શક્યતા જણાય છે. આ બાબત અમેરિકાના વાણિજ્ય મંત્રી હોવર્ડ લુટનિક દ્વારા ઉદ્યોગસાહસિક શમાથ પાલિહાપિતિયા દ્વારા હોસ્ટ

...અનુસંધાન પાના 11 પર



## ભારતનો પલટવાર: "મોદી-ટ્રમ્પ વચ્ચે ૨૦૨૫માં ૮ વાર વાત થઈ"

**લુટનિકનું** નિવેદન ભારતે ફગાવ્યું, વિદેશ મંત્રાલયે કહ્યું કે અમેરિકી વાણિજ્ય મંત્રીના નિવેદનમાં મંત્રણાઓ અંગેનું વર્ણન સચોટ નથી

**ભારત** અમેરિકા સાથે કરાર કરવા ઉત્સુક છે

નવી દિલ્હી, 9 જાન્યુઆરી (PTI): ભારતે શુક્રવારે અમેરિકાના કોમર્સ સેક્રેટરી હોવર્ડ લુટનિકના એ નિવેદનને ચોકસાઈ વગરનું(ખોટું) ગણાવીને ફગાવી દીધું હતું, જેમાં તેમણે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચેનો પ્રસ્તાવિત વેપાર સોદો ગયા વર્ષે એટલા માટે પૂર્ણ ન થઈ શક્યો કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કર્યો ન હતો. નવી દિલ્હીએ એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે તે બે પરસ્પર પૂરક અર્થતંત્રો વચ્ચે પરસ્પર ફાયદાકારક વેપાર સોદો કરવા માટે ઉત્સુક છે. વધુમાં નોંધ્યું હતું કે,

...અનુસંધાન પાના 11 પર

### અમેરિકાના '500% ટેરિફ' બિલ પર ભારતની ચાંપતી નજર

**નવી દિલ્હી.** ભારતે શુક્રવારે જણાવ્યું હતું કે તે અમેરિકા દ્વારા પ્રસ્તાવિત એવા ખરડાના ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યું છે જે રશિયન ક્રૂડ ઓઈલ (કાચા તેલ)ની ખરીદી કરતા દેશો

...અનુસંધાન પાના 11 પર

## ઈરાનમાં જન-આક્રોશ ચરમસીમાએ: મશહદ શહેર પર પ્રદર્શનકારીઓનો 'કબજો'!

**દેશવટો** ભોગવતા પાટવી કુંવરે વિરોધનું આહવાન આપ્યા બાદ પ્રદર્શનો વધુ ઉગ્ર બન્યા

**દેશમાં** ઈન્ટરનેટ અને આંતરરાષ્ટ્રીય ટેલિફોન કોલ્સ બંધ

**અમેરિકી** પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે ઇરાનના સરકારી દળો મશહદ શહેર છોડી ગયા છે, જો કે ટ્રમ્પના દાવાને હજી કોઇ વિશ્વસનીય સમર્થન મળ્યું નથી

**વિરોધ** પ્રદર્શનોમાં અત્યાર સુધી ૬૨નાં મોત, એક પોલીસ અધિકારીની ચાકુ મારીને હત્યા, કુલ ૨૩૦૦થી વધુની અટકાયત



**તહેરાન, તા. 9:** ઈરાનમાં હાલના વિરોધ પ્રદર્શનો છેલ્લા ઘણા વર્ષોના સૌથી મોટા વિરોધ પ્રદર્શન બની રહેલા જણાય છે. ત્યારે એવા અહેવાલ આવ્યા છે કે ઇરાનના એક અતિ મહત્વના શહેર મશહદ પર વિરોધ પ્રદર્શનકારીઓએ કબજો જમાવ્યો છે અને સુરક્ષા દળો આ શહેર છોડીને જતા રહ્યા છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનના બીજા ક્રમના

...અનુસંધાન પાના 11 પર

### ખામેનીની ચેતવણી: "ટ્રમ્પને ખુશ કરવા પોતાની શેરીઓ ન સળગાવો"



ઈરાનના 86 વર્ષીય સર્વોચ્ચ નેતા અલી ખમેનીએ સરકારી ટેલિવિઝન દ્વારા પ્રસારિત ટૂંકા સંબોધનમાં દેખાવકારો પર કડક કાર્યવાહીના સંકેત આપ્યા હતા, જ્યારે ત્યાં હાજર લોકો અમેરિકા મુર્દાબાદ!ના નારા લગાવી રહ્યા હતા. ખમેનીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ઉલ્લેખ કરતા કહ્યું કે, દેખાવકારો બીજા દેશના રાષ્ટ્રપતિને ખુશ કરવા

...અનુસંધાન પાના 11 પર

### હવે મેક્સિકો પર લશ્કરી હુમલાની તૈયારી! ડ્રગ કાર્ટેલ્સ વિરુદ્ધ છેડાશે જંગ

# ટ્રમ્પનો દુનિયાને લલકાર: ગમે ત્યાં કરીશું એટેક

**ફક્ત** પોતાની નૈતિકતા જ પોતાને વિશ્વમાં ઇચ્છિત સ્થળે હુમલા કરતા અટકાવશે એવી અમેરિકી પ્રમુખની ડંફાસ

**મારી** નૈતિકતા સિવાય મને કોઈ રોકી શકશે નહીં': ટ્રમ્પની ખુલ્લી ચેતવણીથી નાટો અને વિશ્વના નેતાઓમાં રોષ

**વૉશિંગ્ટન, તા. 9 :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકા મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ્સ (ડ્રગ માફિયા ટોળકીઓ) પર ભૂમિ હુમલા શરૂ કરશે. આ સાથે જ તેમણે ચેતવણી આપી હતી કે તેમની વૈશ્વિક સત્તાની એકમાત્ર મર્યાદા તેમની 'પોતાની નૈતિકતા' છે.

વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોની ધરપકડના ગણતરીના દિવસો બાદ પ્રમુખે 'નાર્કો-ટેરરિસ્ટ્સ' (નશીલા પદાર્થોના આતંકવાદીઓ) વિરુદ્ધ સૈન્ય કાર્યવાહીની જાહેરાત કરી હતી. ટ્રમ્પે ગુરુવારે રાત્રે ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે, અમે હવે કાર્ટેલ્સના સંદર્ભમાં જમીની પ્રહાર શરૂ કરવા જઈ રહ્યા છીએ. કાર્ટેલ્સ મેક્સિકો ચલાવી રહ્યા છે, તે દેશમાં જે થઈ રહ્યું છે તે જોવું ખૂબ જ દુઃખદ છે. જ્યારે રાષ્ટ્રપતિને પૂછવામાં આવ્યું કે આ ક્ષેત્રમાં અમેરિકી સૈન્ય શું કરી શકે તેની મર્યાદા શું છે, ત્યારે તેમણે પોતાની વિદેશ નીતિની વિશાળ સત્તાઓ વિશે ગર્વ લેતા કહ્યું હતું. તેમણે ધ ન્યૂયોર્ક ટાઈમ્સને જણાવ્યું, મારી પોતાની નૈતિકતા. મારું પોતાનું મન. તે એકમાત્ર

...અનુસંધાન પાના 11 પર



### તાઈવાનનું શું કરવું તે જિનપિંગ પર આધાર રાખે છે: ટ્રમ્પ

**વૉશિંગ્ટન :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાઈવાન મુદ્દે એક મોટું નિવેદન આપીને ફરી એકવાર ચર્ચા જગાવી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું અમેરિકા ચીની આક્રમણની સ્થિતિમાં તાઈવાનની રક્ષા કરશે, ત્યારે ટ્રમ્પે સીધો જવાબ આપવાને બદલે કહ્યું કે, 'તાઈવાનનું શું કરવું તેનો ઘણો ખરો આધાર શી જિનપિંગ પર છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે તેઓ જિનપિંગ સાથેના સંબંધોને મહત્વ આપે છે અને બધું જ તે સમયે કેવી પરિસ્થિતિ હશે તેના પર નિર્ભર રહેશે. ટ્રમ્પના આ નિવેદનને તાઈવાન પ્રત્યેની અમેરિકાની પરંપરાગત નીતિમાં ફેરફાર તરીકે જોવામાં આવી રહ્યું છે. અગાઉના વહીવટીતંત્રો તાઈવાનની રક્ષા માટે સ્પષ્ટતા રાખતા હતા, પરંતુ ટ્રમ્પની આ 'ડીલ-મેકિંગ' શૈલીએ ચિંતા વધારી છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે તાઈવાને અમેરિકાને તેની સુરક્ષા માટે નાણાં ચૂકવવા જોઈએ. આ નિવેદન બાદ હવે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ભૌગોલિક રાજનીતિમાં નવા સમીકરણો સર્જાય તેવી શક્યતા છે.

### ગ્રીનલેન્ડ ખરીદવા ટ્રમ્પનો 'કેશ કાર્ડ'

**વૉશિંગ્ટન.** ડોનાલ્ડ ટ્રમ્પ આર્કટિક ટાપુ (ગ્રીનલેન્ડ) પર અમેરિકાનું નિયંત્રણ મેળવવા માટે ત્યાંના રહેવાસીઓને સીધા પૈસા મોકલવાનું વિચારી રહ્યા છે. આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે, વ્હાઇટ હાઉસના અધિકારીઓ લોકોને અમેરિકાના નિયંત્રણ હેઠળ આવવા માટે રાજી કરવા માટે વ્યક્તિદીઠ 10,000 ડોલર (આશરે ૯ લાખ રૂપિયા) થી 100,000 (આશરે ૯૦ લાખ રૂપિયા) સુધીની રકમ આપવાના વિવિધ વિકલ્પો પર ચર્ચા કરી રહ્યા છે. ગ્રીનલેન્ડની વસ્તી લગભગ 56,000 છે અને હાલમાં તે ડેનમાર્ક કિંગડમનો પ્રદેશ છે. આનો અર્થ એ છે કે જો આ ઓફર મોટા પાયે સ્વીકારવામાં આવે, તો અમેરિકાએ ગ્રીનલેન્ડના રહેવાસીઓને કુલ 5.6 અબજ ડોલર ચૂકવવા પડી શકે છે. જો કે, આ ચૂકવણીની વ્યવસ્થા કેવી રીતે કામ કરશે અને શું ગ્રીનલેન્ડના લોકોને આ રીતે પૈસા ચૂકવીને જમીન હસ્તગત કરવી એ કાયદેસર ગણાશે કે નહીં, તે હજુ સ્પષ્ટ નથી. ડેનમાર્કે જ્યારે આ આર્કટિક પ્રદેશ વેચવાની ના પાડી દીધી છે, ત્યારે આ દરખાસ્ત એક સંકેત આપે છે કે અમેરિકા આ ટાપુને 'ખરીદવા' માટે કેવી રીતે આગળ વધી શકે છે. ગ્રીનલેન્ડની સરકારે અમેરિકાના ખરીદીના કોઈપણ પ્રસ્તાવને સ્પષ્ટપણે ફગાવી દીધો છે. ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ બંનેના નેતૃત્વએ વારંવાર કહ્યું છે કે આ ટાપુ વેચાણ માટે નથી અને ક્યારેય રહેશે નહીં.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે

**સોમનાથમાં** 'સ્વાભિમાન પર્વ' અને મેટ્રોના અંતિમ તબક્કાનું લોકાર્પણ

**જર્મનીના** ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ સાથે પતંગોત્સવમાં આપશે હાજરી

**અમદાવાદ, તા. 9.** વડાપ્રધાન નરેન્દ્ર મોદી 10મીથી ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવશે. તા.10મી જાન્યુ.એ રાજકોટ આવશે, રાજકોટથી હેલિકોપ્ટર દ્વાર સોમનાથ પહોંચશે. તા.11 અને 12 જાન્યુઆરીએ ગુજરાત આવશે. તેઓ પોતાની ગુજરાત મુલાકાત દરમિયાન સોમનાથ , ગાંધીનગર, અમદાવાદ અને રાજકોટની મુલાકાત લેશે. દરમિયાન વડાપ્રધાન મોદી મેટ્રોનું ઉદ્ઘાટન કરીને આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં હાજરી પણ આપશે. આ માટે ગાંધીનગર મેટ્રો સ્ટેશનને આખરી ઓપ અપાઈ રહ્યો છે. મેટ્રો સેવાઓની તમામ કામગીરી પૂર્ણ થઈ રહી છે. મેટ્રો અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર ખાતેથી કાર્યરત થશે. 1મી જાન્યુ.એ રાજકોટમાં રિઝનલ વાઈબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરવાના છે. જે બાદ એજ દિવસે તેઓ સાંજે અમદાવાદ આવશે અને 12 તારીખે જર્મનીના વાઈસ ચાન્સેલર સાથે સાબરમતી આશ્રમની મુલાકાત પણ કરવાના છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 12 જાન્યુઆરીએ સવારે સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લેવાના છે. જે દરમિયાન ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અને આંટી અર્પણ કરી હૃદયકુંજની મુલાકાત લેશે. સાબરમતી આશ્રમમાં અંદાજે 20 મિનિટ સુધી મુલાકાત કરવાના છે. તેમજ રિવરફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પણ હાજરી આપવાના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ખુલ્લો મુકાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જર્મનીના

...અનુસંધાન પાના 11 પર

### સોમનાથ સ્વાભિમાન પર્વ: 1,000 વર્ષના સંઘર્ષની સ્મૃતિ (10-11 જાન્યુઆરી)

આ વર્ષ 'સોમનાથ સ્વાભિમાન પર્વ' તરીકે ઉજવાઈ રહ્યું છે, જેનું મુખ્ય આકર્ષણ પીએમ મોદીની હાજરી રહેશે:

**ઐતિહાસિક સંદર્ભ:** વર્ષ 1026માં મહમૂદ ગઝનવીના આક્રમણના 1,000 વર્ષ અને 1951માં મંદિરના પુનઃનિર્માણના 75 વર્ષ નિમિત્તે આ પર્વ ઉજવાઈ રહ્યું છે.

**ડ્રોન શો અને ઓમકાર મંત્ર:** 10મી જાન્યુઆરીએ રાત્રે 8 વાગ્યે પીએમ મોદી મંદિરમાં ઓમકાર મંત્રના જાપ અને ભવ્ય ડ્રોન શો નિહાળશે.

**શૌર્ય યાત્રા:** 11મી જાન્યુઆરીએ સવારે 9:45 કલાકે સોમનાથની રક્ષા કાજે બલિદાન આપનારા વીરોની યાદમાં 108 અશ્વો સાથેની 'શૌર્ય યાત્રા' યોજાશે, જેમાં પીએમ મોદી સહભાગી થશે.

### મોદીના કાર્યક્રમનું ટૂંકું સમયપત્રક

| તારીખ | સમય | કાર્યક્રમ/સ્થળ |
|---|---|---|
| 10 જાન્યુ. | રાત્રે 8:00 | ઓમકાર જાપ અને ડ્રોન શો, સોમનાથ |
| 11 જાન્યુ. | સવારે 9:45 | શૌર્ય યાત્રા અને પૂજા, સોમનાથ |
| 11 જાન્યુ. | બપોરે 1:30 | રિઝનલ વાઇબ્રન્ટ સમિટ, રાજકોટ |
| 11 જાન્યુ. | સાંજે 5:15 | મેટ્રો ફેઝ-2 લોકાર્પણ, ગાંધીનગર |
| 12 જાન્યુ. | સવારે 9:30 | ગાંધી આશ્રમ અને પતંગોત્સવ, અમદાવાદ |
| 12 જાન્યુ. | સવારે 11:15 | ભારત-જર્મની શિખર બેઠક, મહાત્મા મંદિર |

### તા. ૦૯-૦૧-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૯.૨° સે. | ૧૫.૦° સે. | ૫૪% |